# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર અનીલ પટેલ વાંચે છે.

*****************************************************

**1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તણાવમુક્ત પરીક્ષા માટે માર્ગદર્શન અને પ્રેરણા આપવા સંવાદ કરશે.**

**2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોર પછી ફ્રાન્સ અને અમેરિકાના રાજદ્વારી પ્રવાસે જશે**

**3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રયાગરાજમાં મહાકુંભ ખાતે પવિત્ર સ્નાન કરશે**

**4) છત્તીસગઢના બીજાપુરમાં સલામતી દળોએ 31 માઓવાદીઓને ઠાર કર્યાઃ બે જવાન શહિદ**

**5) ક્રિકેટમાં, ભારતે ત્રણ વન ડે મેચની શ્રેણીની બીજી મેચમાં કટકમાં ઇંગ્લેન્ડને ચાર વિકેટે હરાવીને શ્રેણીમાં 2 શૂન્યની સરસાઈ મેળવી**

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તણાવમુક્ત પરીક્ષા માટે માર્ગદર્શન અને પ્રેરણા આપવા તેમની સાથે સંવાદ કરશે. આજે સવારે 11 વાગ્યે નવી દિલ્હીનાં ભારત મંડપમ ખાતેથી આ કાર્યક્રમની આઠમી આવૃત્તિ યોજાશે, જેમાં પ્રધાનમંત્રી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. આ કાર્યક્રમનું આકાશવાણી, દૂરદર્શન, સ્વયં, સ્વયં પ્રભા, PMO યુટ્યુબ ચેનલ તથા શિક્ષણ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયોની સોશિયલ મીડિયા ચેનલો પર જીવંત પ્રસારણ કરવામાં આવશે.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ........

## (VC: PARIKSHA PE CHARCHA)

# PM PARIS USA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોર પછી ફ્રાન્સ અને અમેરિકાના રાજદ્વારી પ્રવાસે જશે. આ પ્રવાસનો ઉદ્દેશ્ય બંને દેશો સાથે વ્યૂહાત્મક, આર્થિક અને ટેકનોલોજી ભાગીદારીને મજબૂત બનાવવાનો છે. 10 થી 12 ફેબ્રુઆરી દરમિયાન પ્રધાનમંત્રી ફ્રાન્સમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્શન સમિટ 2025

માં હાજરી આપશે, મુખ્ય દ્વિપક્ષીય ચર્ચાઓમાં ભાગ લેશે અને માર્સેલીમાં ભારતના નવા કોન્સ્યુલેટ જનરલનું ઉદ્ઘાટન કરશે.

આકાશવાણી સમાચાર સાથે વિશેષ મુલાકાતમાં, ફ્રાન્સમાં ભારતીય રાજદૂત સંજીવ કુમાર સિંગલાએ સમજાવ્યું કે, ભારતની પ્રાથમિક ચિંતા એ સુનિશ્ચિત કરવાની છે કે AI પસંદગીના ભૌગોલિક વિસ્તારોમાં થોડા લોકો અથવા થોડી કંપનીઓનું વિશિષ્ટ ક્ષેત્ર ન બને. તેમણે ભાર મૂક્યો કે, AI ખુલ્લું, સુરક્ષિત, સમાવિષ્ટ અને વિશ્વસનીય રહેવું જોઈએ.

ફ્રાન્સની મુલાકાત બાદ પ્રધાનમંત્રી મોદી 12 ફેબ્રુઆરીથી અમેરિકાની બે દિવસની મુલાકાતે જશે, જ્યાં તેઓ વેપાર, વ્યૂહાત્મક સહકાર અને ટેકનોલોજી મુદ્દે ચર્ચા કરશે.

# MAHAKUMBH – PRESIDENT

# અને હવે મહાકુંભ અંગેનાં સમાચાર

## (OPENING KUMBH MUSIC)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રયાગરાજમાં મહાકુંભની મુલાકાત લેશે. તેઓ ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવશે. રાષ્ટ્રપતિ પ્રયાગરાજમાં અક્ષયવટ અને બડે હનુમાન મંદિરની પણ મુલાકાત લેશે. તેઓ ડિજિટલ મહાકુંભ એક્સપિરિયન્સ સેન્ટરમાં આધુનિક ટેકનોલોજી દ્વારા મહાકુંભ વિશેની માહિતી મેળવશે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આ પ્રસંગે હાજર રહેશે.

મહાકુંભનાં મેળા વિસ્તારમાં ગાંધી શિલ્પ બજાર આકર્ષણનું મોટું કેન્દ્ર બન્યું છે. આ બજારમાં દેશભરમાં કારીગરો પરંપરાગત કળાનું પ્રદર્શન કરી રહ્યા છે. કેન્દ્રીય કાપડ મંત્રાલય દ્વારા આયોજિત આ શિલ્પ બજારમાં 100થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધી

## (VOICE CAST DEPENDRA)

## MANIPUR CM

મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજ્યના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યુ છે. ગઈકાલે રાજભવન ખાતે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને તેમણે પોતાનુ રાજીનામું સુપરત કર્યું હતું. તેમની સાથે ભાજપ અને એનપીએફના 14 ધારાસભ્યો પણ હતા. રાજ્ય ભાજપ પ્રમુખ એ શારદા અને ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રા પણ પ્રતિનિધિમંડળ સાથે જોડાયા હતા.

અમારા ઇમ્ફાલના પ્રતિનિધી જણાવે છે કે, 2017માં પક્ષને સત્તા મળી ત્યારથી ભાજપ સરકારનું નેતૃત્વ સંભાળનાર બિરેન સિંહે રાજ્યમાં ચાલી રહેલાં રાજકીય ઘટનાક્રમ વચ્ચે રાજીનામું આપ્યું છે. રાજ્યમાં અનેક મહિનાઓથી ચાલી રહેલી અશાંતિ અને પક્ષનાં આંતરિક રાજકારણને પગલે શ્રી સિંહે રાજીનામું આપ્યું છે. મણિપુર વિધાનસભાનું સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# IIAS-DARPG INDIA CONFERENCE 2025

**IIAS-DARPG ઇન્ડિયા કોન્ફરન્સ 2025નો આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે પ્રારંભ થશે. કેન્દ્રીય મંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંહ કોન્ફરન્સનું ઉદઘાટન કરશે. 14 ફેબ્રુઆરી સુધી ચાલનારી આ કોન્ફરન્સમાં ભાગ લેવા અત્યાર સુધી 55 દેશોનાં 240 પ્રતિનિધીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.**

**આ કોન્ફરન્સમાં રજૂ કરવા માટે 350થી વધુ પેપર્સનું પ્રેઝન્ટેશન કરવામાં આવશે. આ મંચ પર જાહેર વહીવટ, શાસન અને નિતી ઘડતર મુદ્દે ચર્ચા કરવામાં આવશે. ભારતમાં જાહેર વહીવટ મુદ્દે પ્રથમ વાર IIAS કોન્ફરન્સ યોજાઈ રહી છે. દક્ષિણ એશિયામાં આ કોન્ફન્સ યોજનાર ભારત પ્રથમ દેશ છે. ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ એડ પબ્લિક ગ્રિવન્સિસ- DARPG આ કોન્ફરન્સનું યજમાન છે.**

# AERO INDIA SHOW

એરો ઇન્ડિયા શોની 15મી આવૃત્તિ આજથી બેંગલુરુમાં શરૂ થશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, પાંચ દિવસનાં શોમાં ભારતની સંરક્ષણ ક્ષમતાઓ પ્રદર્શિત કરવામાં આવશે. એટલું જ નહીં પણ તેનાંથી યુવા પેઢીને નવીનકરણ કરવાની મોટાં સ્વપ્ન જોવાની પ્રેરણા મળશે.

ગઈકાલે બેંગલુરુમાં પત્રકાર પરિષદને સંબોધતા રાજનાથ સિંહે જણાવ્યું કે, એશિયાનાં સૌથી મોટા એરો શોથી મિત્ર દેશો સાથેની ભાગીદારી વધુ મજબૂત બનશે અને આપણા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો- MSME અને સ્ટાર્ટઅપને વૈશ્વિક પુરવઠા શ્રુંખલાનો ભાગ બનવામાં મદદ મળશે.

# INDIA EGYPT AIRO SHOW

ભારત અને ઇજિપ્ત આજથી રાજસ્થાનમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે સાયક્લોન 2025 નામની સંયુક્ત લશ્કરી કવાયત યોજશે, જે 23 ફેબ્રુઆરી સુધી ચાલશે. આ કવાયતનો હેતુ રણનાં વાતાવરણમાં વ્યાવસાયિક કુશળતા વહેંચીને અને વિશેષ દળોની કાર્યક્ષમતા સુધારીને સંરક્ષણ સહકાર ક્ષેત્રમાં વિસ્તરણ કરવાનો છે.

# FINAL CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ગઈકાલે 31 માઓવાદીઓ ઠાર થયા છે. ગોળીબારમાં 2 જવાનો શહીદ થયા છે, અને 2 ને ઇજા થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર તમામ માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.

સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમે બીજાપુર જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાનના જંગલોમાં મોટી સંખ્યામાં માઓવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ અભિયાન હાથ ધર્યું હતું. ઘટનાસ્થળેથી મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો હોવાની માહિતી બિજાપુરના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ પી. સુન્દર રાજે આપી હતી. ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢમાં શહીદ થયેલા 2 સૈનિકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# CRICKET -IND-ENG

ક્રિકેટમાં, ભારતે ત્રણ મેચોની એક દિવસની આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણીમાં ગઈકાલે રાત્રે કટકમાં ઇંગ્લેન્ડને 4 વિકેટે હરાવીને શ્રેણીમાં 2-શૂન્ય ની સરસાઈ મેળવી છે. ઇંગ્લેન્ડ સામે ઘર આંગણે વન ડે શ્રેણીમાં ભારતનો આ સતત સાતમો વિજય છે.

305 રનના લક્ષ્યનો સામનો કરતા ભારતે 44.3 ઓવરમાં 308 રન કર્યા હતા. રોહિત શર્માએ 119 રનની કેપ્ટન ઇનિંગ રમી હતી, જ્યારે શુભમન

ગિલે 60, શ્રેયર ઐયરે 44 અને અક્ષર પટેલે 41 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. રોહિત શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

અગાઉ ટોસ જીતીને બેટિંગ પસંદ કરતા, ઇંગ્લેન્ડ 49.5 ઓવરમાં 304 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રવિન્દ્ર જાડેજાએ ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે મોહમ્મદ શમી, હર્ષિત રાણા, હાર્દિક પંડ્યા અને વરુણ ચક્રવર્તીએ એક-એક વિકેટ લીધી હતી.

શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ બુધવારે અમદાવાદમાં રમાશે.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા</u>

- આજના તમામ અખબારોમાં છત્તીસગઢના બિજાપુરમાં 31 નકસલવાદીઓનો સલામતી દળોએ બોલાવેલો ખાતમો, હિંસાગ્રસ્ત મણિપુરના મુખ્યમંત્રીનું રાજીનામુ જેવા સમાચાર હેડલાઇન્સમાં જોવા મળી રહ્યૉં છે.
- ગુજરાત સમાચાર , દિવ્ય ભાસ્કર  અને ફૂલછાબે નકસવાદીઓના ખાતમાના સમાચાર અલગ અલગ મથાળાં સાથે બનાવ્યા છે.
- જ્યારે સંદેશ દૈનિકે હિંસાગ્રસ્ત મણિપુરના સીએમ બિરેનસિંહનું રાજીનામુ ઉથલપાથલની સંભાવનાના સમાચાર હેડલાઇન્સમાં પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે બિરેનસિંહના રાજીનામાના સમાચાર મુખ્ય બનાવ્યાં છે.

- આ ઉપરાંત દરકે અખબારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ફ્રાંસ અને અમિરકા પ્રવાસને પણ પહેલા પેજ ઉપર સ્થાન આપ્યું છે..
- જ્યારે સ્પોર્ટ્સ પેજ ઉપર કટક વન ડેમાં રોહિત શર્માની સ્ફોટક બેટિંગને કારણે ભારતના વિજયના સમાચાર દેરક અખબારોમાં જોવા મળી રહ્યાં છે..
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારોમાં પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં 40 હજાર વિદ્યાર્થીઓ ભાગ લેશે , પાટણના ચાણસ્મામાં તળાવમાં ડુબી જવાને કારણે પાંચના મોત તેમજ નડિયાદમાં કેફી પીણુ પિતા ત્રણના મોતના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.